# ભક્તિવર્ધિની

## ભૂમિકા : ગો. શ્રીશ્યામ મનોહરજી (કિશનગઢ-પાર્લા)

ચોરાશી વૈષ્ણવોની વાર્તાના ભાવપ્રકાશ અનુસાર જણાય છે કે ભક્તિવર્ધિની ગ્રન્થ શ્રીમહાપ્રભુજીએ સાંચોરા પુરુષોત્તમ જોશીમાટે રચ્યો હતો. એક લોકવાયકા પ્રમાણે આ ગ્રન્થનો રચનાકાળ વિ.સં.૧૫૫૨ ગણવામાં આવે છે (શ્રીનાગરદાસ બાંભણિયા લિખિત લેખ, વૈષ્ણવવાણી અંક ૪ વર્ષ ૧૯૭૯) અને રચનાસ્થળ પ્રયાગ, પરન્તુ 'ભાવપ્રકાશ'નો અભ્યાસ કરવાથી એમ લાગે છે કે આ ગ્રન્થની રચના ગુજરાતના કોઈક ગામમાં થઈ હોવી જોઈએ.

''ત્યારે એક સમયે શ્રીઆચાર્યજી ગુજરાત પધાર્યા. પુરુષોત્તમ જોશી મધ્યાહ્નને સમયે એક તળાવના કાંઠે સંધ્યા કરતા હતા. એવામાં શ્રીઆચાર્યજી તળાવને કાંઠે પધાર્યા અને સંધ્યાવંદન કરવા લાગ્યા, ત્યારે દૈવી જીવ જાણીને શ્રીઆચાર્યજીએ પુરુષોત્તમ જોશી તરફ દૃષ્ટિ કરી, ત્યારે પુરુષોત્તમ જોશીએ શ્રીઆચાર્યજીની પાસે આવીને નમસ્કાર કરીને પૂછ્યુંઃ ''મહારાજ! આ કર્મમાર્ગ મોટો કે જ્ઞાનમાર્ગ મોટો!''

ત્યારે શ્રીઆચાર્યજીએ કહ્યું ''જેના મનમાં જે માર્ગ દૃઢ થાય, જે માર્ગમાં જેનો વિશ્વાસ હોય, તેને ગમતો એવો એ જ માર્ગ મોટો. અને મોટો તો ભક્તિમાર્ગ છે કે જેમાં જીવ કૃતાર્થ થાય છે. અને જ્ઞાનમાર્ગમાં તથા કર્મમાર્ગમાં કઠિનાઈથી કૃતાર્થ થવાય છે. એ પ્રમાણે કોઈનાથી નિર્વાહ થાય નહીં. તેનું કારણ એ કે તે માર્ગો કષ્ટસાધ્ય (મુશ્કેલીથી સિદ્ધ થાય એવા) છે. આ કાળમાં લોકોથી શરીરનું કષ્ટ સહન થઈ શકતું નથી. શરીરમાં કષ્ટ સહન કરે તો મન ઠેકાણે રહે. તેથી ભક્તિમાર્ગમાં જીવ કૃતાર્થ થાય. એ સિવાય બીજો કોઈ આશ્રય નથી.''

ત્યારે પુરુષોત્તમ જોશીએ પૂછ્યું કે ''મહારાજ! ભક્તિનું સ્વરૂપ કેવું છે તે કૃપા કરીને કહો''. ત્યારે શ્રીઆચાર્યજીએ ઉત્તર આપ્યો ''ભક્તિના સ્વરૂપનું વર્ણન



કરવા બેસીએ તો પાર જ ન આવે. પરન્તુ તને કંઈક કહું છું''. ત્યારે ભક્તિવર્ધિની ગ્રન્થની રચના કરી અને અગિયાર શ્લોક પુરુષોત્તમ જોશીને સંભળાવ્યા. તેઓ ઉત્તમ અધિકારી હોવાથી તેમને બધો બોધ થઈ ગયો.

આ પ્રમાણે પુરુષોત્તમ જોશીના હૃદયમાં ભક્તિના વર્ધન માટે ભક્તિવર્ધિની ગ્રન્થ લખવામાં આવ્યો હતો, ગુજરાતમાં જ પુરુષોત્તમ જોશીના કોઈ એક ગામમાં. આ ગ્રન્થના ઉપદેશ પછી પુરુષોત્તમ જોશી, પોતાની પત્નીની સાથે, શ્રીમહાપ્રભુજીના અનુયાયી થયા અને અવ્યાવૃત્ત થઈને એટલે કે બીજી કોઈ પ્રવૃત્તિમાં મન રાખ્યા વિના પોતાના ઘરમાં કૃષ્ણસેવામાં મગ્ન થઈ ગયા.

''એમ બન્ને જણ પ્રેમથી સેવા કરવા લાગ્યા. પછી શ્રીઆચાર્યજી દ્વારિકા પધાર્યા. આ પ્રમાણે પુરુષોત્તમ જોશીએ ઘણા દિવસો સુધી ભગવદ્‌ભાવમાં મગ્ન રહીને, બીજી કોઈ પ્રવૃત્તિમાં મન રાખ્યા વિના, સેવા કરી. તેઓ કોઈની પાસે પોતાના હૃદયનો ભાવ પ્રગટ ન કરતા''.

**કર્મ-જ્ઞાન-ભક્તિ :**

ભગવદ્‌ગીતાના ત્રીજા અધ્યાયમાં અર્જુન પણ ભગવાનને એ જ પ્રશ્ન કરી બેઠો હતો કે જ્ઞાનયોગ જો શ્રેષ્ઠ હોય તો પછી કર્મની શી જરૂર છે? અને કર્મ જો આવશ્યક હોય તો પછી જ્ઞાનયોગ ક્યા અર્થમાં શ્રેષ્ઠ છે? અહીં ભગવાને અર્જુનને સમજાવ્યું છે કે કર્મોના અનારંભ (શરૂ ન કરવું તે) યા તો કર્મોના ત્યાગના કારણે જ્ઞાનયોગ શ્રેષ્ઠ નથી બની જતો, કારણ કે ફલની આસક્તિ વગર કરેલું કર્મ, અથવા નિષ્કામ કર્મ પણ જ્ઞાનયોગથી મળી શકતા લાભોને મેળવી આપવા શક્તિમાન છે. કર્મનાં ફળોમાં આસક્તિ ચાલુ રહે તો જ્ઞાનમાર્ગના સાધકના નૈષ્કર્મ્યનું (કર્મ ન કરવારૂપી માર્ગ અપનાવવાનું) પણ કાંઈ પણ મૂલ્ય નથી. જો કર્મનાં ફળો મેળવવાનું આકર્ષણ કે મોહ-આસક્તિ ચાલુ રહે તો કર્મનો ત્યાગ એ નર્યો પાખંડ-છળ-દંભ બની જાય છે.

ભગવાન કહે છે કે પોતે આત્મારામ-આત્મકામ (આત્મામાં જ રમનાર, જેમને કોઈ પણ વસ્તુને પ્રાપ્ત કરવાની ઇચ્છા રહેતી નથી) એવા હોવા છતાં,

કર્મત્યાગને બદલે લોકોના કલ્યાણ એટલે કે જનસમુદાયને ઉદાહરણ રૂપ થવા માટે પણ કર્મ કરવા એ એમને વધુ સોહાય છે. કોઈ પણ જ્ઞાની પોતે પરમાત્મા કરતાં વધુ નિષ્કામ કે આપ્તકામ હોઈ શકતો નથી. તેથી જ્ઞાનયોગનું બહાનું કાઢીને કર્મત્યાગની શી આવશ્યકતા છે!

જ્ઞાનમાર્ગી હોય કે કર્મમાર્ગી હોય બન્નેએ સ્વધર્મનું-સ્વકર્મનું અનુષ્ઠાન-આચરણ ફલાસક્તિ વિના જ કરવું જોઈએ, કારણ કે પરધર્મનું સારી રીતે કરેલું અનુષ્ઠાન પણ પોતાના ધર્મના સારી રીતે ન કરવામાં આવેલા અનુષ્ઠાનથી શ્રેષ્ઠ નથી. અર્જુને આ સમ્બન્ધમાં એક મહત્વપૂર્ણ પ્રશ્ન ભગવાનની સમક્ષ રજૂ કર્યો. અર્જુન પૂછે છે કે ''સ્વધર્મના પાલનની જો આટલી બધી મહત્તા હોય તો પછી લોકો ક્યારેક સ્વધર્મના ત્યાગ દ્વારા તો ક્યારેક પરધર્મોના અનુષ્ઠાન દ્વારા વ્યર્થ પાપાચરણ શા માટે કરતા હોય છે?''

ભગવાને આ પ્રશ્નનો વિલક્ષણ ઉત્તર આપ્યો છે કે ''સ્વધર્મના ત્યાગ દ્વારા અથવા પરધર્મના આચરણ દ્વારા મનુષ્ય પોતાનાં પાપોમાં ઉમેરો કરતો રહે છે. પોતાનાં કામ અથવા ક્રોધને વશ થઈને જ્ઞાનીઓનો જ્ઞાનાગ્નિ પણ મોટે ભાગે કામના ધુમાડાથી ઘેરાઈ જાય છે. કામ જ જ્ઞાનીઓનો ચિરશત્રુ હોય છે''.

ભગવાનની વાત ઘણી ગુંચવણભરી અને ન સમજાય તેવી લાગે છે કે શા માટે કેવલ જ્ઞાનમાર્ગીય સાધક જ કામનાઓનો શિકાર બને છે અને કર્મમાર્ગીય કે ભક્તિમાર્ગીય સાધક શા માટે નહીં? કામનાઓનું આકર્ષણ તો બધા માર્ગોના સાધકોમાં પ્રારંભમાં રહેતું જ હોય છે, યા તો એમ કહી શકાય કે રહી શકે છે! પરન્તુ થોડા ધ્યાનપૂર્વક જોવાથી ખ્યાલ આવશે કે આપણી મમતા અને અહંતા નો જ અદમ્ય વિસ્ફોટ (કાબૂમાં રાખી ન શકાય એવો ધડાકો) ક્રમશઃ કામ અથવા ક્રોધના રૂપમાં થાય છે. એટલા માટે જ ભગવાન્ કહે છે કે

કામ એષ ક્રોધ એષ રજોગુણસમુદ્ભવઃ ।
મહાશનો મહાપાપ્મા વિદ્ધ્યેનમ્ ઈહ વૈરિણમ્ ।। (ભગ.ગીતા ૩।૩૭)

અર્થ : રજોગુણથી ઉત્પન્ન થયેલ આ કામ અને આ ક્રોધ છે. તે ભોગોથી ક્યારેય



તૃપ્ત ન થનાર અને મોટા પાપી છે. આ બાબતમાં તેમને જ તું દુશ્મન સમજ.

આપણી અહંતા આપણામાં રહેલા રજોગુણનો સાથ મેળવીને આપણા હૃદયમાં ક્રોધરૂપી રોગનું રૂપ ધારણ કરી લે છે. એ જ પ્રમાણે આપણી મમતા આપણામાં રહેલા રજોગુણનો સાથ મેળવીને આપણા હૃદયમાં કામરૂપી રોગનું રૂપ ધારણ કરી લેતી હોય છે.

આ કામ તથા ક્રોધ ના રૂપોમાં આપણી મમતા તથા અહંતા ના રાજસ વિસ્ફોટથી નાશ પામતી સાધકોની સાધનાની સુરક્ષાના ઉપાય તરીકે અનેક માર્ગો પ્રવૃત્ત થયા છે.

**ચારમાર્ગ :**

૧. બુદ્ધે આત્મચેતનાને કામ-ક્રોધના આવેગોથી બચાવવા માટે તેના બીજરૂપે રહેલ અહંતા તથા મમતાને જ તોડી નાખવાના ઉપાયો સૂચવ્યા હતા. એ હેતુથી જ અનાત્મવાદ પર આધારિત 'નાહમ્'ની ભાવના તથા વિજ્ઞાનવાદ પર આધારિત 'ન મમ'ની ભાવનાને જગાડવા ઉપર ભાર દેવામાં આવ્યો. જાણે કે આપણી ચેતનામાં અહંતા તથા મમતા ની ગ્રંથિઓમાં જો ક્રોધ તથા કામના ગૂમડાં હોય તો એને રૂઝવવાને બદલે એ ગ્રંથિઓની જ શલ્યચિકિત્સા(ઓપરેશન) કરી નાખવામાં આવી. વૈદિક શાસ્ત્રોને આ શલ્યકર્મ (ઓપરેશન) બધી સ્થિતિઓમાં માન્ય ન હતું. તેથી બુદ્ધની પહેલાં જ કર્મયોગ, જ્ઞાનયોગ તથા ભક્તિયોગ ની પ્રણાલિઓમાં બીજી અઘોર(સૌમ્ય) તથા અક્લિષ્ટ(દુઃખ વગરની) ચિકિત્સા વિચારવામાં આવી હતી.

૨. કર્મયોગની પ્રણાલીમાં અહંતાને તોડવાની પરવા કર્યા વિના મમતાને જુદા-જુદા દેવતાઓની સાથે જોડવાની ચિકિત્સા પ્રણાલી અપનાવવામાં આવી છેઃ ''અગ્નયે સ્વાહા, અગ્નયે ઈદં ન મમ''. (અગ્નિને આ સમર્પણ કરું છું, આ અગ્નિનું છે, મારું નથી). ''સૂર્યાય સ્વાહા, સૂર્યાય ઈદં ન મમ'' (સૂર્યને આ સમર્પણ કરું છું, આ સૂર્યનું છે, મારું નથી) વગેરે. ''વિત્તં ચ મે પુત્રં ચ મે પશૂંશ્ચ મે'' (મારું ધન તથા મારો પુત્ર તથા મારા પશુઓ) ની મમતામયી સકામ-

કર્મવૃત્તિવાળા સાધકોની મમતાને ''દેવતાયૈ ઈદં ન મમ'' (આ બધું દેવતાને સમર્પણ કરું છું, તે મારું નથી) એવી પ્રણાલી દ્વારા કર્મયોગ નિષ્કામ-કર્મની દિશામાં આગળ વધારવા માગે છે. પોતાના ઉપભોગની પહેલાં દેવતાઓના યજનની આવશ્યકતા છે. આ જ કારણથી કર્મયોગના નિરૂપણમાં ગીતા આપણને સમજાવે છે કે :

> ''કર્મ કર્યા વિના કોઈ મનુષ્ય રહી નહીં શકે, પોતાના સ્વભાવને અનુરૂપ વિવશ બનીને કંઈક કર્મ તો બધા મનુષ્યોએ કરવાં જ પડશે. આવી સ્થિતિમાં કર્મેન્દ્રિયોને સંયમમાં રાખવાના પાખંડમાં વિમૂઢ સાધક પોતાના કાબૂ વગરના મનને ઈન્દ્રિયાર્થોના ચિંતનમાં ડુબાડી દે છે. જ્યારે સાચી વિશિષ્ટતા તો મનથી ઈન્દ્રિયોને સંયમમાં રાખીને કર્મેન્દ્રિયોદ્વારા આસક્તિ રહિત કર્મયોગને કરતા રહેવામાં છે! તેથી નિયત કર્મોનો ત્યાગ કરવાને બદલે, નિયત કર્મોને કરતા રહેવું એ જ ઉત્તમ છે. સર્વથા કર્મત્યાગ કરવાથી તો શરીરયાત્રા પણ નભી નહીં શકે. આ લોકમાં એ જ કર્મો બંધનરૂપ મનાયા છે કે જેમનું અનુષ્ઠાન યજ્ઞકર્મના રૂપમાં નથી હોતું. આ કારણે યજ્ઞાર્થ કરવામાં આવતું કર્મ તો અસંગભાવથી કરતા જ રહેવું જોઈએ. પ્રજાપતિ બ્રહ્માએ પણ, પ્રજાની સૃષ્ટિ યજ્ઞની સાથે જ કરી છે. તેથી યજ્ઞ જ આપણી સર્વ કામનાઓને સારી રીતે પૂર્ણ કરે છે. આપણે યજ્ઞદ્વારા દેવતાઓને આપવાની વસ્તુ તેમને આપવી જોઈએ અને યજ્ઞભાવિત એટલે યજ્ઞની ભાવનાથી સંતુષ્ટ થયેલ દેવતાઓ, આપણને જે મળવું જોઈએ તે આપણને દેશે. આ જ આદાન-પ્રદાન એટલે પરસ્પર આપવા-લેવાની ક્રિયામાં આપણું પરમ શ્રેય રહેલું છે. જે દેવતાઓએ આપણને કંઈક આપ્યું છે એમાંથી જે તેમને આપવા લાયક છે તે તેમને આપ્યા વિના જ્યારે આપણે આપણા ઉપભોગમાં લઈએ છીએ ત્યારે આપણે ચોર બની જઈએ છીએ. આથી યજ્ઞ કર્યા પછી બાકી રહેલી વસ્તુઓનો ઉપભોગ કરવાની પ્રણાલિકામાં પાપનો સ્પર્શ થતો નથી. તો પણ જે મનુષ્યો ફક્ત પોતાને માટે જ પાક સિદ્ધ કરે છે (રસોઈ બનાવે છે) અને ખાય છે, તેઓ અન્નનું નહીં પરન્તુ પાપનું જ ભક્ષણ કરે છે''.



ગીતાના આ વિસ્તૃત અવતરણથી એ સ્પષ્ટ થઈ જાય છે કે કર્મયોગ આપણી અહંતાની પરવા અધિક કરવા ઈચ્છતો નથી, પરન્તુ મમતા વિષે માર્ગદર્શન કરવા માગે છે. મમતામાં રચ્યાપચ્યા મનુષ્યો પોતાના ઉપભોગ પહેલાં જો થોડીક ધીરજ ધારણ કરીને, દેવતાઓને માટે ''ઈદં ન મમ'' (એટલે આ મારું નથી) એમ કહેવાનું શીખી જાય તો નિષ્કામતાના માર્ગપર તે આગળ વધી શકશે. આ જ નિષ્કામ કર્મ છેવટે આત્મસુખ એટલે કે શાશ્વત સ્વર્ગના સુખનું પ્રદાન કરશે. પરન્તુ અહંતાની ઉપેક્ષા કરવાને કારણે કર્મમાર્ગમાં પ્રારંભિક સાધનાવસ્થામાં અહંતા તથા રાજસ ગુણના સાહચર્ય(એટલે ભેગા થવા)ને લીધે મનમાં ક્રોધ આવવાની સંભાવના ડગલે ને પગલે રહેતી હોય છે. કર્મયોગ મમત્વને જ સ્વસ્થ બનાવે છે.

૩. જ્ઞાનમાર્ગ, તેથી, અહંતાની ચિકિત્સા કરવાનો-અહંતાને સ્વસ્થ બનાવવાનો પ્રયાસ છે. કર્મયોગમાં જેવી રીતે મમતાને દેવતાઓની સાથે જોડી દેવામાં આવી હતી એ જ રીતે જ્ઞાનયોગમાં આપણી અહંતાને બ્રહ્મની સાથે જોડવાનો પ્રયાસ કરવો પડે છેઃ ''યોઽહમસ્મિ બ્રહ્માહમસ્મિ. અહમસ્મિ બ્રહ્માહમસ્મિ. અહમેવાહં મા જુહોમિ સ્વાહા''. (હું જે કંઈ છું-હું બ્રહ્મ જ છું, હા, મારું અસ્તિત્વ છે-હું બ્રહ્મ છું, હું જ પોતે મારો હોમ બ્રહ્મમાં કરું છું).

કર્મયોગ જેવી રીતે પ્રારંભમાં ''પુત્રં ચ મે વિત્તં ચ મે''ની કામનાઓથી ઘેરાયેલા સકામ કર્મના કર્તાને નિષ્કામ કર્મની ઊંચાઈ પર ચડાવવા માટે ''ઈદં ન મમ'' આ મારું નથી એવી ભાવનામાં પ્રશિક્ષિત કરે છે. ત્યાં યજ્ઞાગ્નિમાં આપણી મમતાની આહૂતિ આપવી પડે છે. એવી જ રીતે જ્ઞાનયોગ બ્રહ્માગ્નિમાં આપણી અહંતાની આહૂતિ આપવાનું શીખવાડે છે. જ્ઞાનયોગ એ આપણા અહંકારની ચિકિત્સા એટલે રોગને દૂર કરવાનો ઉપાય છે. એ વાત ધ્યાનમાં રાખવી જોઈએ કે આહૂતિ બ્રહ્માગ્નિમાં આપવાની છે, આપણા અહંકારની ભભૂકતી જ્વાલાઓમાં બ્રહ્મની આહુતિ આપવી એ જ્ઞાનયોગ નથી.

કોઈ પણ વાક્ય ઉદ્દેશ્ય અને વિધેય ભાવ ઘટિત હોય છે (એટલે કે જેનું વિધાન જેના માટે કરવાનું છે એ સમ્બન્ધથી યુક્ત હોવું જોઈએ). જેમકે ''ગાય પ્રાણી છે'' એ વાક્યમાં 'ગાય' ઉદ્દેશ્ય છે અને 'પ્રાણી' વિધેય છે. આ જ પ્રમાણે

‘‘અહં બ્રહ્માસ્મિ’’ વાક્યમાં ‘અહં’ શબ્દ ઉદ્દેશ્ય છે અને ‘બ્રહ્મ’ શબ્દ વિધેય છે. તેથી અહંરૂપી જીવાત્માને બ્રહ્મરૂપ માનવું એ વાસ્તવિક-સાચો બ્રહ્મબોધ છે, તથા વ્યાપક અંશી પરમાત્માની સાથે અંશરૂપ એવા જીવાત્માની અહંતાને સાચા પરિપ્રેક્ષ્યમાં એટલે કે સાચી દષ્ટિના વિસ્તારમાં જોવું છે. ‘બ્રહ્મ’ને ઉદ્દેશ્ય માની ‘અહંકાર’ને વિધેય બનાવવું એ ‘‘ગાય પ્રાણી છે’’ એ વાક્યમાં બધા પ્રાણીઓને ગાય માની લેવાની ગમ્ભીર ભૂલ છે. બ્રહ્મ તો ત્વંકારાસ્પદ પણ છે ‘‘તત્વમસિ’’ વાક્યમાં અને ઈદંકારાસ્પદ પણ છે ‘‘સર્વ ખલુ ઈદં બ્રહ્મ’’ માં. પ્રાણી તો ગાય, હાથી તથા ઘોડા વગેરે અનેક પ્રકારના હોય છે. તેથી બધાં પ્રાણીઓને ગાય માનવાની ભૂલ, બ્રહ્મને અહમાસ્પદ માનનારા કરી બેસે છે. અંશીને ‘અહં’ કહી શકાય નહીં, કારણ કે તે તો ‘ત્વં’ પણ છે અને ‘ઈદં’(આ) પણ. અહંને, પરન્તુ, અંશ હોવાના કારણે અંશી-બ્રહ્મ કહી શકાય છે. બાપના જેવો ચહેરો બેટાનો હોઈ શકે છે પરન્તુ બેટાના ચહેરા જેવો બાપનો ચહેરો નહીં!

આ જ કારણે શ્રીશંકરાચાર્યજી કહે છે કે મોજાંને ‘સમુદ્રનાં મોજાં’ કહેવા જોઈએ, પરન્તુ સમુદ્રને ‘મોજાંવાળો સમુદ્ર’ કહી શકાય નહીં. (‘‘સામુદ્રો હિ તરંગઃ કવચન સમુદ્રો ન તારંગઃ ઈતિ.) કિનારા પર પહોંચીને મોજાં પોતાની આહૂતિ સમુદ્રમાં આપી દે છે, પરન્તુ શું ક્યારેય સમુદ્રની આહૂતિ કોઈ લહેરમાં-મોજાંમાં આપી શકાય?

જ્ઞાનમાર્ગી અહંતાની ચિકિત્સા ઉપર ભાર મૂકે છે, બ્રહ્મની સાથે પોતાની અહંતાને જોડી દઈને તેને સ્વસ્થ બનાવવા ઈચ્છે છે. પરન્તુ આ પ્રણાલીમાં મમતાની ઉપેક્ષા થઈ જતી હોય છે અને એ જ મમતા વિકૃત બની જાય ત્યારે જ્ઞાનીના જ્ઞાનમાં કામના વ્રણ-ઘા ફૂટી પડે છે! મમતાને છોડી કેવલ અહંતાને બ્રહ્મની સાથે જોડવાનો પ્રયાસ એ જ્ઞાનમાર્ગ છે. એ પ્રયાસ સફળ થાય ત્યારે બ્રહ્માનંદની પ્રાપ્તિ થતી હોય છે અને વિફળ થાય ત્યારે ‘અહં બ્રહ્માસ્મિ’નો ઉદ્દેશ્ય વિધેયમાં બદલાઈ જાય છે. મોટે ભાગે જ્ઞાનમાર્ગીય જિજ્ઞાસુઓના ‘‘અહં બ્રહ્માસ્મિ’’ના જપમાં ‘બ્રહ્મ’ને બદલે ‘અહં’ ઉપર ભાર આવી જાય છે અને તે સાથે જ આ મહાવાક્યનો અર્થ બદલાઈ જાય છે.

ક્યારેક વિફળ જ્ઞાનમાર્ગીય સાધકની ઉપેક્ષિત મમતા, જ્ઞાનમાર્ગ પર દોડતા



સાધકને રજોગુણની ગોધૂલી (એટલે કે સાંજ ઢળે ત્યારે ગાયના ચરણથી ઊડતી રજના ઘેરાવામાં થતાં અસ્પષ્ટ દર્શનની) વેળામાં શિષ્યેષણા(શિષ્યો બનાવવાની મહત્વાકાંક્ષા) જેવી કામનાઓનું રૂપ ધારણ કરીને મોહપાશમાં બાંધી લેતી હોય છે. આથી જ ભગવાન્ કહે છે :

**સદશં ચેષ્ટતે સ્વસ્યાઃ પ્રકૃતેર્જ્ઞાનવાનપિ।**
**પ્રકૃતિં યાન્તિ ભૂતાનિ નિગ્રહઃ કિં કરિષ્યતિ?।।**

બધાં પ્રાણીઓ પોતપોતાની પ્રકૃતિ અનુસાર એટલે કે પોતાના સ્વભાવને વશ બનીને કર્મ કરે છે અને જ્ઞાની પુરુષો પણ એ જ રીતે પોતાની પ્રકૃતિ અનુસાર વર્તે છે તો પછી ત્યાગની હઠ કરવાથી શું વળે? (ભગ.ગીતા ૩।૩૩)

આ બન્ને માર્ગો, કર્મયોગ તથા જ્ઞાનયોગ, યાત્રા સફળ થતાં મુક્તિ સુધી પહોંચાડનારા માર્ગો છે, પરન્તુ અહંતા તથા મમતા માંથી કોઈ પણ એકને જ સ્વસ્થ કરવાના અપૂર્ણ પ્રયાસ હોવાથી આપણા કામ તથા ક્રોધ ના રોગોની પૂર્ણ ચિકિત્સા કરતા નથી. કેવલ ભક્તિયોગ જ આપણી અહંતા-મમતાને પૂર્ણપણે સ્વસ્થ રાખવાની એક માત્ર ચિકિત્સાપ્રણાલી છે; અકઠોર, મૃદુ, પૂર્ણ અને ભયરહિત!

૪. ‘ભક્તિ’ શબ્દ ભજ્ + ક્તિન્ ને જોડવાથી બને છે. ‘ભજ્’ ધાતુનો મૂળ અર્થ છે સેવા. ‘ક્તિન્’ નો અર્થ થાય છેઃ પ્રેમ. આમ ‘ભક્તિ’ શબ્દનો એકંદરે અર્થ થાય છે ‘‘પ્રેમ સહિત કરવામાં આવતી સેવા’’.

આ ભક્તિ આપણી અહંતા-મમતાની પૂર્ણ ચિકિત્સા છે. શરણાગત પુષ્ટિજીવને ભગવત્સેવામાં લગાડી દઈને એ ભક્તિ જીવની અહંતાને ભગવાનની સાથે જોડી દે છે. ‘સોઽહમ્’ની પ્રક્રિયાથી નહીં, પરન્તુ ‘દાસોઽહમ્’ની પ્રક્રિયા દ્વારા. સચ્ચાઈથી સેવા આપણે એની જ કરી શકીએ છીએ કે જેની સામે આપણો અહંકાર ઝૂકી જાય, નમી પડે. પુષ્ટિપ્રભુ વ્રજાધિપ શ્રીકૃષ્ણની સમક્ષ આપણા અહંકારને ‘‘શ્રીકૃષ્ણ શરણં મમ’’ કહીને અથવા ‘‘દાસોઽહં કૃષ્ણ! તવ’’ એમ કહીને ઝૂકાવી દેવું એ પુષ્ટિભક્ત અથવા તો પુષ્ટિભક્તિની પ્રકૃતિમાં નિહિત અર્થ છે. અહંકારના ઝૂકતાં શરીરને પણ ઝૂકવું પડશે. આથી જ ‘સિદ્ધાન્તમુક્તાવલી’ ગ્રન્થમાં તનુવિત્તજા

સેવાની તથા 'સિદ્ધાન્તરહસ્ય' ગ્રન્થમાં સર્વસમર્પણની વાત સમજાવીને 'ચતુઃશ્લોકી' નામના ગ્રન્થમાં વ્રજાધિપના ભજનને જ સ્વધર્મ માનવામાં આવ્યો છે.

સંસ્કૃત ભાષાનો એક નિયમ છે કે પ્રત્યેક શબ્દના ઘડનારા મૂળ શબ્દ(=પ્રકૃતિ) તથા પ્રત્યય, પોતપોતાના અર્થનો બોધ એક સાથે જ પેદા કરે છે, જુદા-જુદા નહીં. તેમ છતાં પ્રત્યયના અર્થની કંઈક પ્રધાનતા તો હોય છે જ. 'ક્તિન્' પ્રત્યયનો ફલિતાર્થ પ્રેમ પણ 'ભક્તિ' શબ્દના બીજા ઘટક 'ભજ્' ધાતુના અર્થ 'સેવા'ની તુલનામાં કંઈક પ્રધાનતા ધારણ કરે છે. કોઈકના તરફ મન ઝૂકી પડે ત્યારે મન જ્યાં ઝૂકે એટલે મમતા પણ તે તરફ વળવા માંડશે. આપણી મમતા શ્રીકૃષ્ણની તરફ જોડવાની વાત, ચિત્તના કૃષ્ણ તરફ ઝૂકવાના રૂપમાં 'સિદ્ધાન્તમુક્તાવલી'માં ''ચેતસ્તત્પ્રવણં સેવા'' એ સૂત્ર દ્વારા સમજાવવામાં આવેલી છે. 'ચતુઃશ્લોકી' ગ્રન્થમાં શ્રીકૃષ્ણના તરફ આપણી મમતાને વાળવાની ક્રિયાને જ પુષ્ટિમાર્ગીય 'કામ' કહેવામાં આવેલ છે. એ જ 'કામ', એ જ કૃષ્ણદર્શનકામના 'ભક્તિ' શબ્દમાં 'ક્તિન્' પ્રત્યયનો અર્થ છે.

'ચતુઃશ્લોકી'માં ભજન તથા સ્મરણના નિરંતર ચક્રની જેમ ચાલુ રહેવાની ક્રિયાને મોક્ષ માનવામાં આવેલ છેઃ ''સ્મરણં ભજનં ચાપિ ન ત્યાજ્યમ્ ઈતિ મે મતિઃ'' (સ્મરણ અને ભજન ક્યારેય ન છોડવાં એવી મારી મતિ છે) વચનમાં. અપરોક્ષમાં ભજન અથવા શરીરદ્વારા થતી સેવા કૃષ્ણ સાથે આપણી અહંતાને જોડવાની નિશાની છે. પરોક્ષમાં સ્મરણ અથવા આપણા ચિત્તની કૃષ્ણતન્મયતા આપણી મમતાને કૃષ્ણ સાથે જોડવાની નિશાની છે. પુષ્ટિભક્ત ન તો પોતાની અહંતાને યા મમતાને દેહ કે વિષયોમાં મુક્ત(સંયમરહિત) રૂપે છોડી મૂકે છે, કે ન તેને તોડે છે. કારણ કે તોડવાની જરૂર જ નથી. પુષ્ટિભક્ત પોતાની અહંતા તથા મમતાને વ્રજાધિપ શ્રીકૃષ્ણની સાથે જોડી દે છે. જે દિવસે જે ક્ષણે એ બન્ને સારી રીતે શ્રીકૃષ્ણની સાથે જોડાઈ જાય છે, એ જ દિવસે પુષ્ટિજીવ મુક્ત બની જાય છે. આથી અધિક બીજો કોઈ અર્થ મુક્તિનો પુષ્ટિજીવને માટે નથી હોતો.

આપણી અસ્વસ્થ અહંતા-મમતાની ક્લેશરહિત, સંપૂર્ણ તથા શુભ ચિકિત્સા ભક્તિ છે. એ જ કારણે શ્રીમહાપ્રભુજીએ પુરુષોત્તમ જોશીને સમજાવ્યું હતું



કે ''જ્ઞાનમાર્ગ તથા કર્મમાર્ગ દ્વારા કઠિનતાથી કૃતાર્થ થવાય છે. તેથી ભક્તિમાર્ગમાં જીવ કૃતાર્થ થાય છે એ વિના બીજો કોઈ માર્ગ નથી.''

જ્યારે ભક્તિ જ આપણા સંસારરોગની પૂર્ણ ચિકિત્સા છે, ત્યારે ભક્તિરસાયણના અનુપાન કે સેવનને જ શા માટે ન વધારવું! ખરું જોતાં તો ભક્તિને ઓસડ માનવું એ પણ ભક્તિની પૂર્ણ મહત્તાનું વર્ણન નથી. કારણ કે ભક્તિ પુષ્ટિજીવને માટે ઓસડથી ઘણી વધુ, સ્વયં સ્વાસ્થ્ય જ છે. પરમાત્મા તરફ જીવાત્માની ભક્તિ ન હોવી એ અસ્વાસ્થ્યનું લક્ષણ છે. પુષ્ટિપ્રભુ વ્રજાધિપ શ્રીકૃષ્ણના તરફ પુષ્ટિજીવનું પુષ્ટિભક્તિના ભાવથી રહિત હોવું એ પણ તેની અસ્વસ્થતાનું લક્ષણ છે. ગીતાના છઠ્ઠા અધ્યાયની સમાપ્તિમાં, તેથી જ, , શ્રીકૃષ્ણ કહે છે ''મને તો કર્મમાર્ગીય જ્ઞાનમાર્ગીય તપસ્વી સાધકોમાં જે યોગી છે એ અધિક માન્ય લાગે છે. યોગીઓમાં પણ શ્રદ્ધાપૂર્વક જેઓ પોતાના અન્તરાત્માને મારી સાથે જોડી દઈને મારું ભજન કરે છે એઓ મને બધામાં યુક્તતમ લાગે છે''.

આ જગતમાં આહાર-વિહારની જે અનિયમિતતાઓના કારણે આપણે આપણી અહંતા-મમતાને અસ્વસ્થ બનાવી રાખીએ છીએ, તેનાથી બચવા માટે શ્રીમહાપ્રભુજીનો સ્વાસ્થ્યવર્ધક ઉપદેશ 'ભક્તિવર્ધિની'ને સાંભળવો, સમજવો તથા હૃદયમાં ધારણ કરવો એ અતિ આવશ્યક છે.

**યથા ભક્તિઃ પ્રવૃદ્ધા સ્યાત્ તથોપાયો નિરૂપ્યતે।**
**બીજભાવે દઢે તુ સ્યાત્ ત્યાગાચ્છ્રવણકીર્તનાત્॥૧॥**

**પદચ્છેદ :**

*યથા, ભક્તિઃ, પ્રવૃદ્ધા, સ્યાત્, તથા, ઉપાયઃ, નિરૂપ્યતે ।*
*બીજભાવે, દઢે, તુ, સ્યાત્, ત્યાગાત્, શ્રવણકીર્તનાત્ ।।*

**શબ્દાર્થ :**

**યથા ભક્તિઃ** = જેવી રીતે પ્રભુમાં ભક્તિ,
**પ્રવૃદ્ધા સ્યાત્** = વૃદ્ધિ પામેલી થાય,
**તથા ઉપાયઃ** = તેવી રીતના ઉપાય,
**નિરૂપ્યતે** = બતાવવામાં આવે છે,

**બીજભાવે** = ભક્તિના બીજરૂપ ભગવત્કૃપાથી પ્રાપ્ત થયેલ પ્રભુમાં પ્રેમ,
**દૃઢે તુ** = મજબૂત હોય ત્યારે જ,
**ત્યાગાત્** = ઘરના ત્યાગ કરવાથી અને,
**શ્રવણકીર્તનાત્** = શ્રવણકીર્તનથી,
**સ્યાત્** = ભક્તિ વૃદ્ધિ પામે છે.

ભગવાનના અનુગ્રહરૂપી કલ્પતરુથી વીંટળાઈને પ્રગટતી ભક્તિરૂપી કલ્પલતાની વૃદ્ધિના ઉપાયોને જાણવા તેથી આવશ્યક છે.

ભક્તિ એ જીવાત્મામાં પ્રગટ થાય છે કે જેનું ભક્તિને માટે વરણ પ્રભુ કરે છે. પોતાની ભક્તિને માટે પરમાત્માદ્વારા કરાયેલું જીવાત્માનું વરણ જીવાત્મામાં બીજભાવ રૂપે સર્વદા વિદ્યમાન રહે છે. સત્સંગ, ગુરુકૃપા કે શાસ્ત્રતાત્પર્યનિર્ણય ના અનુકુળ વાતાવરણમાં ક્યારેક એ અંકુરિત થઈ શકે છે, અને ક્યારેક નહીં. શ્રીપ્રભુચરણ કહે છે કે સ્વયં પરમાત્મા આ એકાન્તભક્તિ કે વ્રજભક્તિ ના બીજનું આરોપણ કરે છે; સત્સંગ તથા ગુરુકૃપાના જલથી તેને સિંચે છે; પોતાના અનુગ્રહકલ્પતરુનો આશ્રય આપીને તેને ઉપર લાવે છે; તેના પર ઊગવાવાળા પુષ્પ-ફળોની રક્ષા પણ એક કાળજીભર્યા માળીની જેમ પોતે જ કરે છે; તેથી આ ભક્તિ-કલ્પલતાનું નષ્ટ થવું કે કરમાઈ-સુકાઈ જવું તેને કેમ પસંદ આવે? આ કારણે પુષ્ટિભક્તિનો બીજભાવ નાશવંત નહીં એવો બીજભાવ છે. જન્મ-જન્માન્તરો સુધી એ બીજભાવનો નાશ થતો નથી. એક પછી એક જન્મ ઋતુચક્રની માફક આવતી જતી રહે છે. કોઈક લતા પર ફૂલ ખીલે છે, કોઈ ઋતુમાં નહીં. આવી જ રીતે ભક્તિનો બીજભાવ પણ કોઈ જન્મમાં પ્રેમના રૂપમાં અંકુરિત થઈ શકે છે તથા કોઈક જન્મમાં નહીં.

ભક્તિની આ કલ્પલતા વધીને એટલી સઘન-ગાઢ થઈ જાય, પુષ્ટિકલ્પતરુની લતાપતાદિક તથા ડાળીઓ સાથે એવી રીતે વીંટળાઈ જાય કે એ બન્નેને જુદા પાડવાનું કાર્ય કઠિન બની જાય. પુષ્ટિકલ્પતરુ તથા ભક્તિકલ્પલતા નાં પલ્લવ પરસ્પર મળી જઈને પુષ્ટિભક્તિના રૂપમાં દેખાવા લાગે એવો ઉપાય શ્રીમહાપ્રભુજી આપણને દર્શાવવા માગે છે. વેલ જ્યારે વૃક્ષ ઉપર ઘણી દૃઢતાથી



વીંટળાઈ જાય છે ત્યારે તેના નાશ પામવા કે સુકાઈ જવા નો ભય ઘણો ઓછો થઈ જાય છે. આને જ 'બીજભાવની દૃઢતા' કહેવામાં આવી છે.

**દૃઢ બીજભાવ તથા અદૃઢ બીજભાવવાળા જીવોને માટે ફલાત્મિકા વૃદ્ધિના ઉપાયઃ**

પોતાની પ્રેમ-સેવાત્મિકા ભક્તિમાટે પરમાત્માદ્વારા સમારોપિત વરણનો બીજભાવ જે જીવાત્માઓમાં દૃઢ થઈ જાય છે તેઓ તો નિઃશંક શ્રવણકીર્તનની પ્રણાલિદ્વારા પણ ભગવાનની માનસી સેવામાં સર્વદા મગ્ન રહી શકે છે. તેથી એવા ભક્તો ગૃહત્યાગ પણ કરી શકે છે. પરન્તુ જે ભક્તોનો બીજભાવ જ દૃઢ ન થયો હોય તેમણે ગૃહત્યાગ ન કરવો જોઈએ. બલ્કે તેમણે પોતાના ઘરમાં જ રહીને ભગવત્સેવા તથા ભગવત્કથા માં પોતાની જાતને તત્પર બનાવવી જોઈએ. ત્યારે જ બીજભાવ દૃઢ થશે.

**ભક્તિના ત્રણ ભેદ હોય છેઃ**

૧.ભગવત્સ્વરૂપનું બાહ્ય ભજન
૨.ભગવત્સ્વરૂપનું આંતર ભજન
૩.ભગવન્નામાત્મક ભાગવતનું શ્રવણ-ચિન્તન-કીર્તન

**બાહ્યાભ્યન્તરભેદેન રૂપે ભેદદ્વયં મતમ્।**
**નામ્નિ ચૈકં તતસ્ત્રેધા ભક્તિમાર્ગો નિરૂપિતઃ।।**

અર્થ : ભગવત્સ્વરૂપનું બાહ્યભજન, ભગવત્સ્વરૂપનું આન્તર ભજન અને પ્રભુના નામાત્મક ભાગવતજીનું શ્રવણ-ચિન્તન-કીર્તન આમ ભક્તિમાર્ગ ત્રણ પ્રકારનો છે.

જેનો બીજભાવ દૃઢ થઈ ગયો હોય અર્થાત્ પુષ્ટિભક્તિ ભગવત્પ્રેમના રૂપમાં અંકુરિત, ભગવદાસક્તિના રૂપમાં પલ્લવિત તથા ભગવદ્વ્યસનના રૂપમાં ફલિત થવા લાગી ગઈ હોય એવા ભક્તને ભગવદ્-વ્યસનના સ્વભાવને લીધે જ ભગવાનના વિરહની તીવ્ર અનુભૂતિમાં, 'સિદ્ધાન્તમુક્તાવલી'માં વર્ણવેલી માનસી સેવા અર્થાત્ ભગવત્સ્વરૂપનું આન્તર ભજન સિદ્ધ થઈ જાય છે. તે જ્યારે એક ડગલું આગળ વધે છે એટલે તેને સર્વાત્મભાવ સિદ્ધ થઈ જાય છે. ત્યારે આસક્તિભ્રમન્યાયથી તેની સર્વે ઇન્દ્રિયોનો ભગવાનમાં વિનિયોગ પણ સિદ્ધ થઈ જાય છે. એવા ભક્તોમાટે

સર્વત્ર ભગવદ્ભાવ પ્રગટ થઈ જાય છે. ઘર અને બહારનો ભેદ લુપ્ત થઈ જાય છે. તેઓ ઘરમાં બેઠા હોય કે બહાર, તેમનાં મન તથા બધી ઈન્દ્રિયો દ્વારા નિરન્તર ભગવાનની અનુભૂતિ ચાલતી જ રહે છે. ફળસ્વરૂપે આસકરણદાસજી (જુઓ ૨૫૨ વૈષ્ણવોની વાર્તા)ની જેમ ઘરમાં રહેવાનું અનિવાર્ય નથી રહી જતું. તેઓ ગૃહત્યાગ કરી શકે છે; ભગવલ્લીલાઓનું શ્રવણ, ભગવાનનાં સ્વરૂપ-ગુણ-લીલાઓની ભાવના તથા તેમનાં કીર્તનની મસ્તીમાં; યા તો ક્યારેક ભગવાનના વિરહના તીવ્ર તાપમાં એવા ભક્તો ક્યારે ઘરનો ત્યાગ કરીને ઘરની બહાર નીકળી પડે છે એની એમને પોતાને પણ ખબર પડતી નથી! **''વિરહાનુભવાર્થં તુ પરિત્યાગઃ પ્રશસ્યતે''.** ભગવાનના વિરહના અનુભવની પ્રાપ્તિ માટે તો સંન્યાસ પ્રશંસનીય છે (સંન્યાસનિર્ણય).

સર્વનિર્ણય નિબંધમાં શ્રીમહાપ્રભુજી કહે છે કે કેવળ શ્રીકૃષ્ણને જ પોતાના સ્વામી માનીને, આન્તર તથા બાહ્ય રૂપમાં બધી બાબતોનો ત્યાગ કરીને, શ્રીકૃષ્ણની વિભૂતિરૂપ બધા દેવતાઓનું સન્માન કરતાં-કરતાં દેહ પડે ત્યાં સુધી કેવળ શ્રીકૃષ્ણમાં જ પોતાના મનને જેઓ એકાગ્ર કરી શકે છે તેમની વાણીનો તથા કાયાનો શ્રીકૃષ્ણમાં વિનિયોગ થઈ જાય યા નહીં, તેમના મનની એકાગ્રતા સ્નેહમયી બની જાય યા નહીં, પણ તેમને શ્રીકૃષ્ણમાં સાયુજ્યનો લાભ ચોક્કસ મળી જ જાય છે. ભગવત્પ્રેમના પ્રબલ પ્રવાહને કારણ સ્ત્રી, ઘર, પુત્ર, સ્વજન, પ્રાણ, વિત્ત આદિમાં રહેલી જેમની મમતાની દીવાલ તૂટી જાય છે અને જે પોતે પણ એ પ્રબળ પ્રવાહના વેગને લીધે ઘરની બહાર ફેંકાઈ જાય છે એવા ભક્તો વ્યસનદશાના પરમ ભાવોના વમળોમાં ઘેરાઈ જવાથી પુનઃ-પુનઃ ડૂબતા તથા ઉપર આવતા રહે છે! કરોડો ભક્તોમાં ક્યારેક જ એકાદ ભક્ત જ એવો કૃષ્ણવ્યસની બની શકતો હોય છે!

બીજભાવની આવી દઢતાના અભાવમાં ગૃહત્યાગ હિતકારી નથી હોતો. તેથી બીજભાવ દઢ થાય ત્યાં સુધી ધીરજ રાખવી જોઈએ.

ત્યાગ તથા વૈરાગ્ય ભગવત્પ્રેમની તીવ્રતાને કારણે પ્રગટ થતાં હોય તો તેમને સ્વસ્થ તથા રસયુક્ત માનવા જોઈએ. અન્યથા સંસારમાં કેવળ દોષ નજરે પડવાને કારણે જાગી ઉઠતો વૈરાગ્ય નીરસ તથા શુષ્ક અને તેથીજ અસ્વસ્થ પણ



હોય છે. એવા અસ્વસ્થ વૈરાગ્યને વશ બનીને વ્યર્થ જ કોઈ પણ વસ્તુનો ત્યાગ કરવાને બદલે એ વસ્તુ ભગવાનને સમર્પિત કરી દેવી જોઈએ. આપણી અહંતા તથા મમતા ના વિષયોનો ત્યાગ કરવાને બદલે તેમને શ્રીકૃષ્ણને સમર્પિત કરીને શ્રીકૃષ્ણની સેવામાં વિનિયોગ કરવાવાળાનો બીજભાવ દઢ બની શકે છે. તેથી શ્રીમહાપ્રભુજી કહે છે કે અવ્યાવૃત્ત બનીને બધા વિષયોમાંથી વૃત્તિઓને પાછી ખેંચી લઈને પોતાના ઘરમાં સ્વધર્મ, ભગવત્સેવા તથા ભગવત્કથા, મય જીવન વિતાવનારનો બીજભાવ દઢ થાય છે.

**બીજદાર્ઢ્યપ્રકારસ્તુ ગૃહે સ્થિત્વા સ્વધર્મતઃ ।**
**અવ્યાવૃત્તો ભજેત્ કૃષ્ણં પૂજ્યા શ્રવણાદિભિઃ ॥૨॥**

**પદચ્છેદ :**

*બીજદાર્ઢ્યપ્રકારઃ તુ, ગૃહે, સ્થિત્વા, સ્વધર્મતઃ ।*
*અવ્યાવૃત્તઃ, ભજેત્ , કૃષ્ણં પૂજયા શ્રવણાદિભિઃ ॥*

**શબ્દાર્થ :**

**બીજદાર્ઢ્યપ્રકારઃ તુ** = (આગળ બતાવેલી ભક્તિના) બીજને દઢ કરવાનો પ્રકાર તો,
**ગૃહે સ્થિત્વા** = પોતાના ઘરમાં રહીને,
**સ્વધર્મતઃ** = શાસ્ત્રાજ્ઞા મુજબ વર્ણાશ્રમ ધર્મને નભાવતાં,
**અવ્યાવૃત્તઃ** = તનુવિત્તજા સેવામાટે સમય કાઢી શકાતું હોય તો,
**પૂજયા શ્રવણાદિભિઃ** = સ્વરૂપસેવા તથા શ્રવણાદિ દ્વારા,
**કૃષ્ણમ્ ભજેત્** = શ્રીકૃષ્ણને ભજવા.

પોતાના ઘરમાં સ્વધર્મ-ભગવત્સેવાના વિષયમાં શાસ્ત્રાર્થપ્રકરણમાં એક વિલક્ષણ વાત શ્રીમહાપ્રભુજીએ સમજાવી છે કે બ્રહ્માનંદની પ્રાપ્તિને માટે મોક્ષની ઈચ્છાથી ભક્તિ કરવાવાળા લોકોએ આ વાત સમજવી જોઈએ કે સાધ્ય મોક્ષને બદલે સાધન ભક્તિ અધિક શ્રેષ્ઠ છે. જે જીવો મુક્ત થાય છે તે દેહ-ઈન્દ્રિયોના સંઘાતને છોડીને જ મુક્ત થઈ શકે છે. એમનો કેવળ આત્મા જ પરમાત્મામાં લીન થઈ જાય છે. જ્યારે ભક્તોને તો દેહ, ઈન્દ્રિય, પ્રાણ, અન્તઃકરણ, ગૃહ, પરિવાર આદિ સર્વ કંઈ તેમના ઘરમાં બિરાજતા પ્રભુની સેવામાં ઉપયોગમાં આવે છે. ભક્તોનો તો સંસાર પણ બ્રહ્માત્મક બની જાય છે. ફલની દષ્ટિએ જીવન્મુક્તિને બદલે ભક્તને

માટે તો ભગવત્કૃપાની સાથે ગાર્હસ્થ્ય એટલે કે ઘરમાં રહેવું જ શ્રેષ્ઠતર હોય છે. તેથી બીજભાવ દૃઢ કરવાને માટે એ આવશ્યક છે કે ઘરમાં સ્વધર્માચરણને નિભાવતાં અવ્યાવૃત્ત થઈને ભગવદ્ભજન કરવું જોઈએ.

ઘરમાં રહેવું હોય તો સ્વધર્માચરણનો ત્યાગ સંભવ નથી, પરન્તુ સ્વધર્મની વ્યાખ્યા પણ સરળ નથી. 'સ્વધર્મ'નો પ્રથમ અર્થ થાય છે પોતાના વર્ણ તથા આશ્રમને અનુરૂપ શાસ્ત્રમાં કહેલું આચરણ કરવું. સ્વધર્માનું આચરણ કરવાની જો શક્તિ હોય તો સ્વધર્માચરણમાં સંકોચ ન રાખવો જોઈએ; કારણ કે જ્યાં સુધી આ દેહ છે અને આ દેહની સાથે આપણી અહંતા-મમતા જોડાયેલી છે ત્યાં સુધી વર્ણાશ્રમ ધર્મ જ સ્વધર્મ છે ભગવદ્ધર્મ પણ વિધર્મ યા પરધર્મના જેવો બની જાય છે. જ્યારે દેહાભિમાન શિથિલ થવા લાગે, ત્યારે જ ભગવદ્દાસ્યદ્વભગવત્સેવા આત્મદૃષ્ટિથી સ્વધર્મ બની જાય છે. ત્યારે વર્ણાશ્રમ ધર્મ પણ પરધર્મ બની જાય છે (સુબોધિની ૩।૨૮।૨). તેથી આ દેહાભિમાન તથા આત્માભિમાનના અતિ કોમળ અને જટિલ વિવેકની સાથે વર્ણાશ્રમ ધર્મનો નિર્વાહ કરતાં કૃષ્ણભજનમાં તત્પર રહેવું જોઈએ. કૃષ્ણભક્તિમાં આપણે જોઈ ગયા તેમ, અહંતાને સ્વસ્થ કરવાનો ઉપાય કાયિકી-દેહ દ્વારા થતી-સેવા જ છે, જે 'ભજ્' ધાતુનો અર્થ છે અને મમતાને સ્વસ્થ કરવાનો ઉપાય ચિત્તને કૃષ્ણપ્રેમપરાયણ બનાવવું એ છે. તેને અનુરૂપ અપરોક્ષમાં પૂજા એ કાયાને ભજનમાં લગાડવાની પ્રક્રિયા છે અને પરોક્ષમાં શ્રવણ-ચિન્તન-કીર્તન મનને ભજનમાં લગાડવાની પ્રક્રિયા છે.

સ્નેહની દૃઢતા વિના કાયાથી પ્રેમસેવા નભી ન પણ શકે પણ માહાત્મ્યજ્ઞાનને નિભાવતા રહેતાં પૂજા તો નભાવી શકાય છે. 'પુષ્ટિપ્રવાહમર્યાદા' ગ્રન્થમાં આ પૂજાને ''પ્રવાહેણ ક્રિયારતાઃ'' કહીને વર્ણવવામાં આવી છે. સર્વનિર્ણયમાં ૨૨૭મી કારિકાથી લઈને ૨૪૬મી કારિકા સુધી ભજનના આ જ ક્રિયાપક્ષનું નિરૂપણ કરવામાં આવેલું છે. અહીં ''એતત્સર્વં પ્રયત્નેન ગૃહસ્થસ્ય પ્રકીર્તિતમ્'' કહીને ગાર્હસ્થ્યમાં આની આવશ્યકતા દર્શાવી છે. આ જ ૨૪૦મી કારિકામાં શ્રીમહાપ્રભુજી કહે છે કે શ્રવણ-કીર્તન આદિ દ્વારા જ્યારે હરિ હૃદયમાં ઊંડે સુધી પ્રવેશે છે ત્યારે જ પૂજાનો નિર્વાહ વિક્ષેપ વગર સંભવિત બની શકે છે. આથી જ પૂજાને જો કેવલ ક્રિયારૂપ જ રહેવા દેવી ન હોય તો શ્રીમદ્ભાગવતમાં વર્ણવેલ



ભગવાનનાં સ્વરૂપ, ગુણ તથા લીલાઓ નાં શ્રવણ-ભાવન-કીર્તનની પ્રણાલીદ્વારા તેને પ્રેમમય બનાવવી પડશેઃ ''પ્રેમ્ણોન્યત્ સાધનં લોકે નાસ્તિ મુખ્યં પરં મહત્, શ્રીભાગવતમેવાત્ર પરં તસ્ય હિ સાધનમ્''. (પ્રેમથી મોટું બીજું કોઈ સાધન આ લોકમાં નથી અને એ પ્રેમને સિદ્ધ કરવાનું સાધન માત્ર ભાગવતજી છે, એથી મોટું બીજું કોઈ નથી). અન્યથા પ્રેમરહિત ક્રિયાથી બહુધા વ્યગ્રતા ઉત્પન્ન થતી જ હોય છે. શ્રીમહાપ્રભુજી તેથી જ કહે છે ''સપ્રેમ ઇતિ અનુદ્વેગાર્થમ્'' (સર્વનિર્ણય ૨૩૦). એટલે કે ઉદ્વેગ ન થાય એટલા માટે પ્રેમસહિત એમ કહ્યું છે. ભગવાનની પૂજા કરતી વખતે જો અનન્ય ભાવ જાગે નહીં તો આપણે અવ્યાવૃત્ત એટલે કે બીજી કોઈ વસ્તુમાં ચિત્તને લગાડ્યા વિના ભજન નહીં કરી શકીએ; ભક્તિને બદલે નકામી માનસિક વ્યગ્રતાને વધારી બેસશું.

ભક્તિમાર્ગીય જીવ અવ્યાવૃત્ત પણ હોઈ શકે છે અને વ્યાવૃત્ત પણ હોઈ શકે છે. તેથી બન્ને પ્રકારના જીવોમાં ભક્તિના બીજભાવની દૃઢતા માટેના ઉપાય પણ શ્રીમહાપ્રભુજીએ દર્શાવ્યા છે.

**અવ્યાવૃત્ત તેમજ વ્યાવૃત્ત અધિકારિઓની ભક્તિના બીજભાવોને દૃઢ કરવાના ઉપાય :**

બધી ઇન્દ્રિયો તથા મનની અહમહમિકતા (એટલે ''પહેલાં હું-પહેલાં હું''ની ઉતાવળ) થી ભગવાનનાં કાર્યોમાં લાગી જવાની અથવા સેવામાં તત્પર થવાની વૃત્તિ એ આપણી અહંતાનો ભગવાનમાં વિનિયોગ છે. એ માટે અનન્યભાવ જરૂરી હોય છે. 'ભાવ'નો અર્થ થાય છેઃ આપણા અન્તઃકરણમાં ધારણ કરવામાં આવેલી રુચિ અથવા તો અભિપ્રાય. એ ભાવ જો માત્ર ભગવાનની બાબતમાં હોય તો તે 'અનન્યભાવ' કહેવાય છે. અન્યથા ૧.કોઈ બીજા દેવતાઓ વિષે ૨.કોઈ અન્ય લૌકિક વસ્તુ યા તો વ્યક્તિ વિષે અથવા ૩.પુષ્ટિમાર્ગીય ફલથી જુદા કોઈક ફલને વિષે, આપણા હૃદયની રુચિ યાને ભાવના પ્રબળ થવા પર આપણી કૃષ્ણભક્તિ અનન્ય ભાવાત્મિકા નહીં બની શકે.

'અનન્ય ભાવ'વાળા ભક્તો જ અવ્યાવૃત્ત બની શકે છે. જેમની ભક્તિ અનન્યભાવાત્મિકા થઈ શકતી નથી તેઓ અવ્યાવૃત્ત બની નથી શકતા. અન્ય-અન્ય ભાવો આપણા દેહને તથા અન્તઃકરણને વ્યાવૃત્ત રાખશે, તેઓ પોતાની પૂર્તિની

કામનાના ભાવોને આપણી અંદર પેદા કરીને આપણને વ્યાવૃત્ત બનાવી દેશે, આપણાથી અવ્યાવૃત્તિપૂર્વક ભજન નહીં સમ્ભવે. એ સ્થિતિમાં પુષ્ટિભક્તિમાર્ગ પર ચાલવાનો બુદ્ધિગત નિર્ણય કરેલો હોવા છતાં આપણું હૃદય પૂર્વોક્ત અન્ય ભાવોની પૂર્તિના પ્રયાસમાં અહીં-તહીં ભટકતું રહેશે, વ્યાવૃત્ત રહેશે. એ સ્થિતિમાં શ્રીકૃષ્ણની પૂજા કે કાયિકી સેવા કરતા રહેવા છતાં પણ સેવાફલમાં દર્શાવેલી ભોગ, ઉદ્વેગ તથા પ્રતિબંધોથી રહિત સેવા કરી નહીં શકાય. પરિણામે એવી સેવા વ્યગ્રતાને વધારવાનું જ કારણ બનશે.

શ્રીમહાપ્રભુજી આજ્ઞા કરે છે કે પહેલા કહેવામાં આવેલ અન્ય દેવો, અન્ય પદાર્થો, અન્ય માર્ગો અથવા તો અન્ય ફલોને કારણે જેમના દેહ તથા અન્તઃકરણ બાહ્ય તથા આન્તર રૂપમાં વ્યાવૃત્ત ન હોય એવા જીવોએ ભગવત્પૂજા તથા ભગવત્કથા એ બન્નેમાં તત્પર રહેવું જોઈએ, પરન્તુ જેમનાં દેહ યા તો અન્તઃકરણ કોઈ પણ પ્રકારે વ્યાવૃત્ત હોય તેવા જીવોએ કૃષ્ણસેવાનું અનુષ્ઠાન એકદમ શરૂ કરી દેવું ન જોઈએ. શરૂઆતમાં કેવલ ભગવત્કથાના શ્રવણ, ચિન્તન તથા કીર્તન ની પ્રણાલીથી ચિત્તને અનન્યભાવવાળું બનાવવું જોઈએ.

''...ભાવાન્તરસહિતો વા સ હિ દેવાન્તરવિષયઃ પદાર્થાન્તરવિષયઃ માર્ગાન્તરવિષયો વા. તત્સહભાવો અત્ર નિષિધ્યતે ફલભાવશ્ચ.'' (જુદા-જુદા દેવોમાં, પદાર્થોમાં, માર્ગોમાં જુદા-જુદા ભાવ હોવા એ અહીં નિષિદ્ધ છે, જુદા ફલનો ભાવ પણ (સુબોધિની ૩।૨૫।૨૨). આ સુબોધિનીની ભાગવતકારિકામાં ભક્તિનું સ્વરૂપ આ પ્રમાણે દર્શાવવામાં આવેલું છે.

**મય્યનન્યેન ભાવેન ભક્તિં કુર્વન્તિ યે દૃઢામ્ ।**
**મત્કૃતે ત્યકતકર્માણઃ ત્યક્તસ્વજનબાન્ધવાઃ ।।૨૨।।**
**મદાશ્રયાઃ કથામૃષ્ટાઃ શૃણ્વન્તિ કથયન્તિ ચ ।**
**તપન્તિ વિવિધાસ્તાપા નૈતાન્ મદ્ગતચેતસઃ ।।૨૩।।**
**ત એતે સાધવઃ સાધ્વિ સર્વસંગવિવર્જિતાઃ ।।**
**સંગસ્તેષ્વથ તે પ્રાર્થ્યઃ સંગદોષહરા હિ તે ।।૨૪।।**

(ભાગ. ૩।૨૫।૨૨-૨૪)

**વ્યાખ્યા :** જેઓ ભગવાનમાં અનન્યભાવ રાખીને ભગવાનની દૃઢ ભક્તિ



કરે છે, જેમણે આળસને લીધે નહીં, પરન્તુ ભગવાનને માટે વેદાદિ શાસ્ત્રોમાં કહેલાં અલૌકિક કર્મોનો તથા લૌકિક સ્વજન-બાંધવોનો ત્યાગ કરી દીધો હોય, એવા ભક્તોની સોબત કરવી જોઈએ. નિરન્તર ભગવત્સેવા અથવા ભગવત્સ્મરણમાં બધાં કર્મો તથા સમ્બન્ધો બાધક બને છે, અનન્ય ભાવમાં કંઈક તો અવરોધ પહોંચાડે જ છે. તેથી તેમાં વ્યાવૃત્ત થયા વિના પૂજા-શ્રવણાદિમાં તત્પર થવું જોઈએ. પરન્તુ બધા અધિકારી જીવોમાં એવી સ્વરૂપાસક્તિ હોવાનો સંભવ નથી. ફલની દષ્ટિએ કથાસક્તિદ્વભગવાનનાં સ્વરૂપ, ગુણ તથા લીલાઓનાં શ્રવણ તથા કથનમાં આસક્તિદ્વજેમની દઢ હોય તેવા લોકોનો સત્સંગ કરવો જોઈએ. એવા ભગવદીયોનો સત્સંગ કરવાથી, એમના મુખથી થતી કથાનું શ્રવણ કરવાથી તથા પોતે પણ ચિન્તન-કીર્તન કરવાથી, લૌકિક વિષયોમાંથી મમતા દૂર થઈને ભગવાનમાં એ મમતા જોડાઈ જશે.

**વ્યાવૃત્તોऽપિ હરૌ ચિત્તં શ્રવણાદૌ યતેત્ સદા ।**
**તતઃ પ્રેમ તથાસક્તિર્વ્યસનં ચ યદા ભવેત્ ।।૩।।**
**બીજં તદુચ્યતે શાસ્ત્રે દઢં યન્નાપિ નશ્યતિ ।।**

**પદચ્છેદ :**

*વ્યાવૃત્તઃ, અપિ, હરૌ, ચિત્તમ્, શ્રવણાદૌ, યતેત્, સદા ।*
*તતઃ, પ્રેમ, તથા, આસક્તિઃ, વ્યસનમ્, ચ, યદા, ભવેત્ ।।*
*બીજમ્, તત્, ઉચ્યતે, શાસ્ત્રે, દઢં, યત્, ન, અપિ, નશ્યતિ ।*

**શબ્દાર્થ :**

**વ્યાવૃત્તઃ અપિ** = આજિવિકાર્થ લૌકિક વ્યવહારને લીધે જો ફુરસત ન મળતી હોય તો પણ,
**હરૌ** = દુઃખને હરનારા પ્રભુમાં,
**ચિત્તમ્** = ચિત્ત રાખીને,
**શ્રવણાદૌ** = શ્રવણ કીર્તન સ્મરણ વગેરે માટે,
**સદા યતેત્** = નિરંતર પ્રયત્ન કરવો,
**તતઃ પ્રેમ** = તે સાધનથી સ્નેહભાવ થાય,
**તથા** = તેમજ, **આસક્તિઃ ચ** = આસક્તિ અને,
**યદા** = જ્યારે,

**વ્યસનમ્ ભવેત્** =વ્યસન-પ્રભુના દર્શન વિના રહી ન શકાય તેવી અવસ્થા થાય છે,
**તત્** = તેવી અવસ્થા-તેને,
**શાસ્ત્રે** = ભક્તિના શાસ્ત્રમાં,
**દઢમ્ બીજમ્** = અચલ બીજ,
**ઉચ્યતે** = કહેવાય છે
**યત્ અપિ** = જે દઢ બીજ, લૌકિક દુઃસંગ વગેરેથી પણ,
**ન નશ્યતિ** = નાશ પામતું નથી.

એટલા માટે જ શ્રીમહાપ્રભુજી કહે છે કે જેઓ વ્યાવૃત્ત છે તેમણે સ્વરૂપભજનને બદલે નામભજનમાં પ્રવૃત્ત થવું જોઈએ. આ જ શ્રવણ-ચિન્તન-કીર્તનની પ્રણાલી દ્વારા તેમનો બીજભાવ પ્રેમ-આસક્તિ-વ્યસનની અવસ્થાઓમાં વિકસિત થઈ શકશે.

બીજભાવ દઢ થયો ત્યારે જાણવો કે જ્યારે આપણા દેહ તથા અન્તઃકરણ ની વ્યાવૃત્તિ બીજા દેવતાઓમાંથી, બીજા પદાર્થોમાંથી, બીજા માર્ગોમાંથી, બીજાં ફલોમાંથી ઘટતી-ઘટતી સર્વથા સમાપ્ત થઈ જાય. ઘરમાં ભગવત્સેવા જેમનાથી નિભાવી શકાતી ન હોય પરન્તુ ભગવત્કથાનાં શ્રવણ-ભાવન-કીર્તનની પ્રણાલીથી જેઓ પોતાની ભક્તિના બીજભાવને દઢ કરવા માટે આગળ વધે છે, તેમને યાત્રામાં આ ક્રોશસ્તમ્ભો(માઈલ્સ્ટોન્) પોતાની ભક્તિના માર્ગ પર મળશે :

**સ્નેહાદ્ રાગવિનાશઃ સ્યાદાસક્ત્યા સ્યાદ્ ગૃહારુચિઃ ।।૪।।**
**ગૃહસ્થાનાં બાધકત્વમનાત્મત્વં ચ ભાસતે ।**
**યદાસ્યાત્ વ્યસનં કૃષ્ણે કૃતાર્થઃ સ્યાત્ તદૈવ હિ ।।૫।।**

**પદચ્છેદ :**

*સ્નેહાત્, રાગવિનાશઃ, સ્યાત્, આસક્ત્યા, સ્યાત્, ગૃહારુચિઃ ।।*
*ગૃહસ્થાનામ્, બાધકત્વમ્, અનાત્મત્વમ્, ચ, ભાસતે ।*
*યદા, સ્યાત્, વ્યસનમ્, કૃષ્ણે, કૃતાર્થઃ, સ્યાત્, તદા, એવ, હિ ।।*

**શબ્દાર્થ :**

**સ્નેહાત્** = પ્રભુમાં સ્નેહ થવાથી.



**રાગવિનાશઃ** = અન્ય સાંસારિક વસ્તુમાંથી પ્રીતિનો નાશ.
**આસક્ત્યા** = અને આસક્તિથી
**ગૃહારુચિઃ સ્યાત્** = ઘરમાં રૂચિ રહી જતી નથી
**ગૃહસ્થાનામ્** = ઘરમાં રહેનારાઓમાટે
**બાધકત્વમ્ ચ** = તેઓ ભક્તિમાં બાધક છે અને
**અનાત્મત્વમ્** = તેઓ સાથે મારે કોઈ નિસ્બત નથી એવું
**ભાસતે** = જણાય છે.
**યદા કૃષ્ણે** = જ્યારે શ્રીકૃષ્ણમાં. **હિ** = નિશ્ચય
**વ્યસનમ્ સ્યાત્** = વ્યસન થાય. **કૃતાર્થઃ** = કૃતાર્થ
**તદા એવ** = ત્યારે જ **સ્યાત્** = થાય છે

**ક.** જ્યારે બીજભાવ ભગવત્સેવાના રૂપમાં અંકુરિત થઈ જાય છે ત્યારે ગૃહસ્થનો પોતાના ઘર-પરિવારમાં રહેલો અનુરાગ દૂર થઈ જાય છે. આ અવસ્થા ઘણી વિલક્ષણ છે. ભગવાનમાં અનુરાગ વધવા લાગે ત્યારે ભગવદ્ભક્તિમાં અનુપયોગી (બિનજરૂરી-જેનો ખપ ન હોય તેવી) ઘર-પરિવાર વગેરે પ્રત્યેક વસ્તુમાં અનુરાગ ઓછો થતો જશે.

જેઓ અવ્યાવૃત્ત બનીને પોતાના ઘરમાં નિવાસ કરે છે તેમના અનુરાગનો નાશ થાય તે આવશ્યક નથી, કારણ કે તેમનું ઘર તેમની અહંતા-મમતાને સંતુષ્ટ કરવા માટે નથી હોતું, પરન્તુ ભગવત્સેવાનું સ્થળ-ભગવન્મન્દિર જ હોય છે. તેમનો પરિવાર પણ સાંસારિક મમતાનાં બંધનથી બંધાયેલો નથી હોતો, પરન્તુ ભગવત્સેવા કરવાવાળા વિભિન્ન સેવકોનો, ભક્તિના બન્ધનથી બંધાયેલો પરિવાર હોય છે. તેથી બીજભાવ પ્રેમના રૂપે અંકુરિત થાય છે, પરન્તુ બીજી બાજુએ રાગનો વિનાશ નથી થતો.

**ખ.** ભગવત્કથામાર્ગથી બીજભાવને દઢ કરવાની દિશામાં આગળ વધવાવાળા યાત્રીને બીજો માર્ગસૂચકસ્તંભ (માઈલ્સ્ટોન્) ભગવદાસક્તિનો મળશે. ભગવદાસક્તિ સિદ્ધ થતાંની સાથે જ પોતાના ઘર-પરિવારમાં જે અનુરાગ ખંડિત થયો હતો એ અનુરાગ હવે ઘર-પરિવારમાં અરુચિનું રૂપ ધારણ કરવા લાગશે. ભગવદાસક્ત ભક્તને એવી ખાતરી થવા લાગશે કે મારાં ઘર તથા પરિવાર કેવળ

મારી કૃષ્ણભક્તિમાં અનુપયોગી જ નથી, પરન્તુ એ બધાં મારી કૃષ્ણાસક્તિમાં કોઈને કોઈ રીતે નડતર કરવાવાળા છે. બસ, આ મનોભાવ જ તેનામાં પોતાના ઘર-પરિવાર તરફ અરુચિ જગાડી દેનાર બને છે. અત્યાર સુધી તો પોતાના ઘરને તથા ઘરમાં રહેતા બીજાં માતા, પિતા, પતિ, પત્ની, પુત્ર, પુત્રી યા મિત્ર-બાંધવો ને એ પોતાનાં માની બેઠો હતો, એમને વિષે તેને લાગવા માંડશે કે એ મારાં સગાં નથી, કારણ કે શ્રીકૃષ્ણના પ્રત્યેની મારી આસક્તિમાં એ બધાં પોતાનો ભાગ પડાવવા માગે છે. પ્રત્યેક ઘરનો માણસ પોતાના પરિવારના બીજા સભ્યની પોતાના તરફની આસક્તિની કુદરતી રીતે જ અપેક્ષા રાખે છે. આ જ માગણી ભગવદાસક્ત ભક્તને અરુચિકર લાગવા માંડે છે.

પરન્તુ પોતાના ઘરમાં કૃષ્ણસેવા કરવાવાળા ભક્તના મનમાં ભગવદાસક્તિ તો પ્રગટ થાય છે જ, પરન્તુ ઘર-પરિવારમાં અરુચિ પ્રગટ થવાનું કોઈ કારણ નથી હોતું.

**ગ.** ત્રીજો માર્ગસૂચકસ્તંભ ભગવત્કથાપ્રણાલીથી ભક્તિમાર્ગ પર આગળ વધતા યાત્રીને વ્યસન દશાનો મળે છે. અહીં સુધી પહોંચવાવાળા ભક્તની દશા ઘણી વિકલ (તાલાવેલી યુક્ત, મૂંઝવનારી) બની જાય છે. હવે તે ભગવાન્ વગર એક ક્ષણ પણ રહી નથી શકતો. ભગવાનના સ્વરૂપનું ચિન્તન કરતાં-કરતાં, ભગવાનના ગુણોનું સ્મરણ કરતાં-કરતાં તથા ભગવાનની વિવિધ લીલાઓના મનોરથ પર સવાર થયેલું ભક્તનું મન હવે પોતાના ભક્તિના પથ પર લેશમાત્ર રુકાવટ કે અવરોધ સહન કરી નથી શકતું. એ અસહિષ્ણુ બની જાય છે. તેને શ્રીકૃષ્ણનું વ્યસન થઈ ગયું છે એમ સમજી લેવું જોઈએ!

આ એ જ અવસ્થા છે કે જ્યાં પહોંચતાં જ ભક્તને એ સમજાઈ જાય છે કે **"ગૃહસ્થિતેઃ ઉત્કૃષ્ટત્વં ન ભગવદીયત્વમાત્રેણ કિન્તુ ભગવતા સહ સ્થિત્યા ભગવત્કાર્યાર્થં વા અન્યથા ન સ્થાતવ્યમ્"**. અર્થ : પોતાનું ભગવદીયપણું એ ઘરમાં રહેવાનો સ્વસ્થ હેતુ નથી, કિન્તુ ભગવાનની સાથે રહેવું અથવા ભગવત્સેવા માટે રહેવું એ જ ઉત્કૃષ્ટ હેતુ છે. અન્યથા ગૃહત્યાગ જ ઉચિત ગણાય છે (સુબોધિની ૩।૧।૨). એક દિવસ અચાનક ભક્તના અન્તઃકરણમાં આવો અવાજ આવવો શરૂ થાય છે-પછી તો તેને પોતાને જ ખબર નથી પડતી કે તે ક્યારે ઘરની બહાર



નીકળી ગયો! અંદરથી ઊઠતા આ અવાજને અણસુણ્યો કરવામાં જો એ સમર્થ બની શકે તો સમજી લેવું કે એ અટકી ગયો છે અને ભક્તિના પથથી કશેક દૂર ભટકી રહ્યો છે! આ જ કારણથી શ્રીમહાપ્રભુજી કહે છે કે :

**તાદૃશસ્યાપિ સતતં ગૃહસ્થાનં વિનાશકમ્।**
**ત્યાગં કૃત્વા યતેદ્યસ્તુ તદર્થાર્થૈકમાનસઃ।।૬।।**
**લભતે સુદૃઢાં ભક્તિં સર્વતોપ્યધિકાં પરામ્।।**

**પદચ્છેદ :**

*તાદૃશસ્ય, અપિ, સતતમ્, ગૃહસ્થાનમ્, વિનાશકમ્ ।*
*ત્યાગમ્, કૃત્વા, યતેત્, યઃ, તુ, તદર્થાર્થૈકમાનસઃ ।।*
*લભતે, સુદૃઢામ્, ભક્તિમ્, સર્વતઃ, અપિ, અધિકામ્, પરામ્ ।*

**શબ્દાર્થ :**

| | |
|---|---|
| **તાદૃશસ્ય અપિ** = તેવા ભગવદ્ભાવ-વાળાને પણ, | **તુ** = ફરી |
| **સતતમ્** = નિરન્તર, | **યઃ** = જે પુરુષ |
| **ગૃહસ્થાનમ્** = ઘરમાં રહેવું તે, | **તદર્થાર્થૈકમાનસઃ** = કેવલ ભગવાનની પ્રાપ્તિ સારું જેમનું મન છે એવો થઈને |
| **વિનાશકમ્** = ભક્તિભાવને વિનાશ કરનારું છે. | **યતેત્** = પ્રયત્ન કરે તે, |
| **ત્યાગમ્ કૃત્વા** = માટે ઘર વગેરેનો ત્યાગ કરીને | **સર્વતઃ અપિ દૃઢામ્** = સર્વથી અધિક દૃઢ |
| | **પરામ્ ભક્તિમ્** = પરમ ભક્તિ |
| | **લભતે** = પ્રાપ્ત કરે છે. |

**અર્થ :** દૃઢ ભગવદીય જનને પણ એકધારો ગૃહનિવાસ ભક્તિનો વિનાશ કરનાર છે. માટે ઘર વગેરેનો ત્યાગ કરીને જે પુરુષ કેવલ ભગવાનની પ્રાપ્તિ માટે જ મનવાળો થઈને પ્રયત્ન કરે તે સર્વથી અધિક દૃઢ, પરમ ભક્તિને મેળવે છે (૬,૬।।).

કથાપ્રણાલીથી વ્યસનભાવ સિદ્ધ થતાં જ ઘરથી બહાર નીકળી જવું ભક્તમાટે હિતકારી હોય છે. અન્યથા વ્યસન દશામાં ફલિત થવાવાળો બીજભાવ પણ સર્વાત્મભાવ કે અલૌકિક સામર્થ્યમાં પરિપક્વ નહીં થઈ શકે. એવા ઘરમાં રહેવાથી શો લાભ કે જે કૃષ્ણભક્તિનું અંગ ન હોય?

આ ઘરનો પરિત્યાગ કૃષ્ણવ્યસનના આવેશમાં કૃષ્ણના વિરહના કારણે થનારો પરિત્યાગ છે. જગતમાં પેદા થયેલી દોષદષ્ટિના કારણે કરવામાં આવેલો અસ્વસ્થ નીરસ-શુષ્ક ત્યાગ નહીં, પરન્તુ શ્રીકૃષ્ણમાં વધતી જતી પ્રેમદષ્ટિથી વિવશ કે લાચાર બનીને થઈ જતો સરસ પ્રેમપૂર્ણ સ્વસ્થ ત્યાગ છે. સર્વનિર્ણયમાં આ ગૃહત્યાગ પછી એકાકી, નિઃસ્પૃહ, શાન્ત ભાવથી, ક્યાંય અટક્યા વગર, દેહ પડે ત્યાં સુધી નિરન્તર તીર્થાટનનો ક્રમ શ્રીમહાપ્રભુજીએ સમજાવ્યો છે. યાત્રા તીર્થોની કરવાની છે પરન્તુ ન તો પુણ્યની શોધમાં કે ન મોક્ષની શોધમાં, યાત્રા કરવાની છે શ્રીકૃષ્ણની શોધમાં જ **''કૃષ્ણએવ તાત્પર્યં નતુ તીર્થાદૌ. દેહપાતનપર્યન્તં ચ પર્યટનમ્''.** તીર્થાટનનું તાત્પર્ય કૃષ્ણ જ છે, નહીં કે તીર્થાટનથી પુણ્ય પ્રાપ્તિ ઈત્યાદિ.

પ્રેમના આ કઠણ ત્યાગમાર્ગ પર ચાલવાનું સાહસ જેઓ નથી કરી શકતા, પરન્તુ ઘરમાંથી નીકળી પડવાની જેમની તૈયારી હોય એવા ભક્તોને ઓચિંતું દુઃસાહસ ન કરવાની સલાહ શ્રીમહાપ્રભુજી આપે છે.

**ત્યાગે બાધકભૂયસ્ત્વં દુઃસંસર્ગાત્ તથાન્નતઃ।।૭।।**

**પદચ્છેદ :**

*ત્યાગે, બાધકભૂયસ્ત્વમ્, દુઃસંસર્ગાત્, તથા, અન્નતઃ।।*

**શબ્દાર્થ :**

**ત્યાગે** = ત્યાગ કરવામાં.

**દુઃસંસર્ગાત્** = કાલ અને દુષ્ટ વગેરેથી થયેલા દુઃસંગથી

**તથા** = તેમજ

**અન્નતઃ** = પ્રભુને નહીં અર્પણ કરાયેલા અન્ન ખાવાથી

**બાધકભૂયસ્ત્વમ્** = ભક્તિની વૃદ્ધિ થવામાં અતિ બાધકપણું છે

આ ત્યાગમાર્ગ ઉપર ચાલતાં-ચાલતાં જરા ભૂલ થાય તો ભક્તિહીન ગૃહસ્થથી પણ અધિક નીચે પડી જવાની ભીતિ રહે છે. ગૃહસ્થમાં તો પુત્ર માટેની ઈચ્છા, વિત્ત માટેની ઈચ્છા, યા તો લૌકૈષણા (લોકોમાં કીર્તિ થાય એવી ઈચ્છા) ના દોષો રહી શકે છે, પરન્તુ ત્યાગમાં ક્યાંક સંસારી જીવોના સંસર્ગથી શિષ્યસંગ્રહની ઈચ્છા જાગી ઊઠી તો કરેલો બધો ત્યાગ નાશ પામશે! પુત્ર, વિત્ત તથા લોક એમ



ત્રણેય માટેની વાસના શિષ્યસંગ્રહની વાસનામાં સૂક્ષ્મ રીતે ત્રણગણી થઈ જાય છે!

ઘરથી બહાર નીકળ્યા પછી પણ ત્યાગી ભક્તનો સંસર્ગ તો સંસારી તથા ભગવદ્વિમુખ લોકોની સાથે તૂટી નહીં શકે. ભગવાનને નિવેદન કર્યા વગરનું અન્ન ખાઈને અથવા પંચ મહાયજ્ઞ ન કરવાવાળા ગૃહસ્થનું અન્ન ખાઈને અન્નદોષને વશ થવાથી અધઃપાતની સંભાવના અધિક રહે છે. તેથી સર્વથા અસંગ તથા અપરિગ્રહ હોવાની સાથોસાથ જ્યાં સુધી વ્યસન દશા પ્રાપ્ત ન થાય ત્યાં સુધી ત્યાગ શ્રેયસ્કર નથી થતો. કેવળ ભગવત્પ્રાપ્તિની કામના હૃદયમાં રહે અને બધી કામનાઓ નિઃશેષ થઈ જાય એટલે કે કામનાઓનો સમૂળગો નાશ થઈ જાય ત્યારે જ ત્યાગમાર્ગ પર આરોહણ કરવું જોઈએ.

**સ્વગૃહત્યાગ અને હરિસ્થાનવાસ :**

**અતઃ સ્થૈર્યં હરિસ્થાને તદીયૈઃ સહ તત્પરૈઃ ।**
**અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ ।।૮।।**

**પદચ્છેદ :**

*અતઃ, સ્થૈયમ્, હરિસ્થાને, તદીયૈઃ, સહ, તત્પરૈઃ ।*
*અદૂરે, વિપ્રકર્ષે, વા, યથા, ચિત્તમ્, ન, દુષ્યતિ ।।*

**શબ્દાર્થ :**

**અતઃ** = એટલા માટે,

**તત્પરૈઃ તદીયૈઃ સહ** = તત્પર એવા ભગવદ્ભક્તોની સાથે.

**હરિસ્થાને** = ભગવત્સ્થાનમાં,

**સ્થૈયમ્** = રહેવું.

**અદૂરે, વિપ્રકર્ષે** = બહુ છેટે અથવા બહુનજદીક નહીં તે રીતે રહેવું.

**યથા ચિત્તં** = કે જેથી ચિત્ત

**ન, દુષ્યતિ** = દોષવાળું ન થાય.

કથાપ્રણાલી દ્વારા પ્રેમાસક્તિવ્યસનની ક્રમિક અવસ્થાઓમાં જ્યારે બીજભાવ દૃઢ થઈ રહ્યો હોય અને ઘરમાં ભગવત્સેવાનો નિર્વાહ શક્ય ન હોય ત્યારે એવા ઘરમાં રહી શકવું ભગવદીયને માટે અશક્ય બની જાય છે. પણ ભક્તિમાર્ગીય

સંન્યાસ લેવા માટે પણ જો ભક્ત પોતાની જાતને સમર્થ ન જાણતો હોય તો શું કરવું જોઈએ?

શ્રીમહાપ્રભુજી કહે છે કે એવી વ્યક્તિએ એવાં હરિસ્થાનોમાં જઈને રહેવું જોઈએ કે જ્યાં ભગવત્સેવાપરાયણ ભક્તો નિવાસ કરતા હોય (દા.ત. વ્રજ, ચોરાશી બેઠક, જગન્નાથપુરી, શ્રીરંગ, પંઢરપુર, દ્વારકા, તિરુપતિ વગેરે). આ ભગવત્સેવાપરાયણ ભક્તોની સેવામાં પરિચારક અર્થાત્ સહાયક બનવાનો અવસર મળે તો સૌથી સારી વાત છે, અન્યથા તેમના સત્સંગનો લાભ તો લેવો જ જોઈએ.

ગોસ્વામી ધર્માચાર્યોની ગૃહસેવામાં જે મુખિયા, ભીતરિયા, જલઘરિયા વગેરે સહયોગી જોવામાં આવે છે તે મૂળમાં આ જ પ્રકારના પોતાના ઘરને છોડીને પરિચર્યા માટે આવનારાં મહાભાગ્યવાન ભગવદીયજનો હતા, પગાર મેળવનાર કર્મચારી નહીં. તેથી જ તેમને ભગવત્પ્રસાદી અન્ન-વસ્ત્ર આપવાની પ્રાચીન પ્રથા હતી, વેતન અથવા પગાર નહીં. વખત જતાં એ પ્રથા વિકૃત થઈ અને તનુજા સેવા અર્થાત્ મજૂરીના ધંધામાં ફેરવાઈ ગઈ.

એ ભગવદીયોની સાથે રહેવાનું તાત્પર્ય એ જ છે કે જ્યારે તેઓ ભગવત્સેવામાં મગ્ન હોય ત્યારે આપણે પણ તેમના દ્વારા કરાતી ભગવત્સેવામાં સહાયક બનીને કંઈક ભગવત્સેવા કરી શકીએ. સેવાનાં બહિરંગ સાધનોને સમ્પાદિત કરવામાં તેમને સહયોગ આપી શકીએ અને આ રીતે આપણા શરીરનો પરોક્ષરીતે ઉપયોગ સેવામાં થઈ શકે. આ 'સિદ્ધાન્તમુક્તાવલી'માં વર્જિત કરેલી તનુજાસેવા નથી, આ તો એક પુષ્ટિમાર્ગીય સમ્બન્ધમાં બંધાતા એક વ્યાપક પરિવારની ભાવના છે. એક પરિવારમાં પિતા ભગવત્સેવા-અંતરંગ સેવામાં પરાયણ હોય તો પુત્ર ભગવત્પરિચર્યામાં બહિરંગસેવામાં પરાયણ થાય છે. પત્ની સેવા કરતી હોય તો પતિએ પરિચર્યા કરવી જોઈએ. આવી જ રીતે જન્મથી એક જ કુટુંબના ન પણ હોય તો પણ પુષ્ટિમાર્ગમાં જે બે ભક્તોને એક પરિવારની જેમ સાથે રહેવું હોય તો એક પોતાના ઘરમાં બિરાજતા પ્રભુની અંતરંગ સેવામાં તત્પર રહે અને બીજો બહિરંગ સેવામાં તત્પર રહે. આવી અનુજ્ઞા(છૂટ) શ્રીમહાપ્રભુજી આપવા માગે છે. સાથે ભગવત્સેવા કરશે તો સાથે ભગવત્પ્રસાદ પણ લઈ શકાય છે. આ પ્રકાર અતિ



ઉદાત્ત ભાવના પર આધારિત છે. આને પગાર લઈને કરાતી તનુજાસેવા અથવા પેટિયું રળવાના હેતુથી કરાતી તનુજા સેવાની સાથે સરખાવવું ન જોઈએ. કારણ કે એવી તનુજાસેવાને તો 'સિદ્ધાન્તમુક્તાવલી'માં વર્જિત કરેલી છે.

આમાં કિન્તુ એક સાવધાની અપેક્ષિત છે કે કોઈના એટલા બધા સમીપમાં ન જવું જોઈએ કે જેનાથી એક-બીજાના દોષ નજરે પડવા લાગે અને એટલા બધા દૂર પણ ન રહેવું જોઈએ કે જેથી એક ભગવદીયદ્વારા કરવામાં આવતી ભગવત્સેવા કે ભગવત્કથા ના લાભથી બીજા ભગવદીય સર્વથા વંચિત જ રહી જવા પામે. ''અદૂરે વિપ્રકર્ષે વા યથા ચિત્તં ન દુષ્યતિ''. જે રીતે ચિત્તમાં દોષબુદ્ધિ ન આવે તેવી રીતે ભક્તની સમીપમાં અથવા દૂર રહેવું.

**સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દઢા ભવેત્ ।**
**યાવજ્જીવં તસ્ય નાશો ન ક્વાપીતિ મતિમર્મ ॥૯॥**

**પદચ્છેદ :**

*સેવાયામ્, વા, કથાયામ્, વા, યસ્ય, આસક્તિઃ, દઢા, ભવેત્ ।*
*યાવજ્જીવં, તસ્ય, નાશોઃ, ન, ક્વ, અપિ ઈતિ, મતિઃ, મમ ।*

**શબ્દાર્થ :**

| | |
|---|---|
| **યસ્ય** = જેને | **દઢાસક્તિઃ** = દઢ આસક્તિ |
| **સેવાયામ્ વા** = સેવામાં અથવા | **ભવેત્** = હોય છે |
| **કથાયામ્ વા** = કથામાં | **તસ્ય** = તેનો |
| **ક્વ અપિ** = કોઈ દેશ કે કાલમાં | **ઈતિ** = એ પ્રમાણે |
| **નાશઃ ન** = નાશ થતો નથી | **મમ મતિઃ** =મારું મત. |

પોતાના ઘરને છોડીને નીકળી પડનાર ભક્ત પણ આ પ્રમાણે ભગવત્સેવાપરાયણ ભગવદીયોની સાથે તેમના હરિસ્થાનમાં નિવાસ કરતાં-કરતાં જો ભગવત્સેવા તથા ભગવત્કથાને નિભાવી શકે છે તો કદી તેનો નાશ થશે નહીં. જો એક ભગવદીયની બીજા ભગવદીયની સાથે એટલી ઘનિષ્ઠતા ન પણ બંધાય કે જેથી તેઓ બન્ને સાથે હળીમળીને ભગવત્સેવા કરી શકે તો પણ બન્ને સાથે મળીને ભગવત્કથા તો કરી જ શકે છે. આ રીતે જો પોતાના ઘરને છોડી દીધું હોય પણ

દુઃસંગથી જો બચવું હોય તો પુષ્ટિમાર્ગીય અન્ય ભગવદીયનો સત્સંગ મેળવીને ભગવત્કથાનો પણ આશ્રય જે લોકો નિભાવી શકે છે, તેમનો ભક્તિમાર્ગથી બીજા સ્થળે અધઃપાત નહીં થાય. ''સેવાયાં વા કથાયાં વા યસ્યાસક્તિર્દઢા ભવેદ્, યાવજજીવં તસ્ય નાશો ન ક્વાપીતિ મતિર્મમ''. જેની સેવામાં અથવા કથામાં જીવનપર્યંત આસક્તિ દઢ થાય, તેનો કોઈ પણ દેશમાં કે કાળમાં નાશ થતો નથી, એવું મારું મન્તવ્ય છે.

**બાધસમ્ભાવનાયાં તુ નૈકાન્તે વાસ ઈષ્યતે ।**
**હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ ।।**

**પદચ્છેદ :**

*બાધસમ્ભાવનાયામ્, તુ, ન, એકાન્તે, વાસઃ, ઈષ્યતે ।*
*હરિઃ, તુ, સર્વતઃ, રક્ષામ્, કરિષ્યતિ, ન, સંશયઃ ।*

**શબ્દાર્થ :**

**બાધસમ્ભાવનાયામ્** = ભક્તિમાં અડચણ થવાનો સંભવ હોય તો.

| | |
|---|---|
| **એકાન્તે** = એકાન્તમાં | **હરિઃ તુ** = શ્રીભગવાન્ તો |
| **તુ વાસઃ** = તો રહેવું તે | **સર્વતઃ** = ચારે તરફથી |
| **ન ઈષ્યતે** = ઈચ્છવા જેવું નથી | **રક્ષામ્** = રક્ષણ **કરિષ્યતિ** = કરશે |

આ પ્રમાણે અન્ય સ્થળે જઈને સત્સંગ કરવાને બદલે ઘર છોડીને કોઈક એકાંત સ્થળે વસવામાં નુકશાની શું છે? શ્રીમહાપ્રભુજીનો ઉત્તર એ જ છે કે જ્યારે ઘર છોડવામાં ભય નથી તો પછી ભગવદીયના સત્સંગમાં ભય કેવો? અને જો આ પ્રમાણે સત્સંગ કરવા છતાં પણ માર્ગથી અવળે રસ્તે ચઢી જવાનો જેને ભય હોય તેણે તો એકાંતવાસથી ઓર વધારે ભયભીત થવું જોઈએ!

સરવાળે વાત એટલી જ છે કે અદઢ બીજવાળા ભક્તને માટે બીજભાવને દઢ કરવાનો ઉત્તમ ઉપાય એ છે કે પોતાના ઘરમાં અવ્યાવૃત્ત થઈને ભગવત્સેવા તથા ભગવત્કથામાં તત્પર બની જવું. એ શક્ય ન હોય તો કેવલ ભગવત્કથામાં પરાયણ બનીને બીજભાવને દઢ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. જ્યારે સંસારાસક્તિ ઓછી થઈ જાય ત્યારે કાં તો ભક્તિમાર્ગીય સંન્યાસ લેવો જોઈએ, વ્યસન દશા સિદ્ધ થાય ત્યારે,



અન્યથા અન્ય ભગવદીયો દ્વારા કરવામાં આવતી ભગવત્સેવામાં પરિચારક બનવું જોઈએ. એ પણ શક્ય ન હોય તો એવા સેવા-કથાપરાયણ ભગવદીયોના સત્સંગનો લાભ લેવામાટે, ન તો તેમનાથી અધિક દૂર કે ન તો એમનાથી અધિક સમીપ રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. એકાન્તવાસ એવી સ્થિતિમાં ઘણો લાભદાયક નથી બનતો. પરન્તુ ભગવદ્વિશ્વાસ દઢ રાખવો જોઈએ કે દરેક કલ્પમાં ભગવાન્ પોતાના ભક્તની રક્ષા કરવાના જ છે. ''હરિસ્તુ સર્વતો રક્ષાં કરિષ્યતિ ન સંશયઃ''. ભગવાન્ તો ચારે તરફથી રક્ષા કરશે એમાં કાંઈ પણ સંશય નથી.

**ઈત્યેવં ભગવચ્છાસ્ત્રં ગૂઢતત્વં નિરૂપિતમ્ ।**
**ય એતત્ સમધીયીત તસ્યાપિ સ્યાદ્ દઢા રતિઃ।।૧૧।।**

**પદચ્છોદ :**

*ઈતિ, એવમ્, ભગવચ્છાસ્ત્રમ્, ગૂઢતત્વમ્, નિરૂપિતમ્ ।*
*યઃ, એતત્, સમધીયીત, તસ્ય, અપિ, સ્યાત્, દઢા, રતિઃ ।।*

**શબ્દાર્થઃ**

| | |
|---|---|
| **ઈતિ એવમ્** = આ પ્રકારે, | **યઃ એતત્** = જે ભક્ત તેનો |
| **ગૂઢતત્વમ્** = ગુપ્ત રહસ્યાવાળું | **સમધીયીત** =સારી રીતે અભ્યાસ કરે છે |
| **ભગવચ્છાસ્ત્રમ્** = ભગવત્શાસ્ત્ર, | **તસ્ય અપિ** = તેની પણ |
| **મયા** = મેં મહાપ્રભુજીએ | **દઢા રતિઃ** = ભગવાનમાં દઢ પ્રીતિ |
| **નિરૂપિતમ્** = નિરૂપણ કરેલું છે | **સ્યાત્** = થાય છે |

આ સમગ્ર ભગવત્શાસ્ત્રોનું સૌથી ગૂઢ રહસ્ય છે. તેનો સારી રીતે અભ્યાસ કરીને, સમજપૂર્વક હૃદયમાં ધારણ કરવાવાળાની પણ ભગવાનમાં રતિ દઢ થાય છે.

ρ Θ θ